## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન... ચૂંટણી સંભળાય છે ને એટલે શાકભાજી મોંઘા થઈ ગયા અને ચૂંટણી બાદ... તમે જોજો આ ભાવ પણ સસ્તો લાગશે...!!

# સે-૧૩/એ માં પીવાના દુષિત પાણીથી સ્થાનિકોમાં રોગચાળાની દહેશત

### છેલ્લા બે અઠવાડીયાથી ગટરો ઉભરાય છે : ઇન્કવાયરીનુ તંત્ર આમ નાગરિકોની ફરિયાદ સાંભળતુ નથી દુષિત પાણી રોગચાળાને નોતરે તેવી દહેશત : ત્વરિત સમારકામ હાથ ધરાય તેવી માંગ

ગાંધીનગર તા ૧૬

સે-૧૩ એ માં છેલ્લા બે અઠવાડીયાથી પીવાનુ પાણી દુષિત આવતુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. સેકટરમાં દુષિત પાણીના લીધે રોગચાળાનો ખતરો મંડરાયો છે. આ મામલે સ્થાનિકો દ્વારા ઈન્કવાયરી કચેરીને રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. જયારે ખુલ્લી ગટરનુ પણ સમારકામ થતુ નથી. વરસાદી દિવસોમાં પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાતા સ્થાનિકોમાં રોગચાળાનો ભય સતાવે છે. ત્વરિત અસરથી આ સમસ્યા દુર કરવા પણ રજુઆત કરવામાં આવી છે.

શહેરમાં આડા દિવસોમા પણ ગટરો ઉભરાતી હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામે છે. જયારે વરસાદી દિવસોમાં પણ સેકટરોમાં ખુણે ખુણે ગટરો ઉભરાતી હોવાનો આક્રોશ સ્થાનિકો વ્યકત કરી રહયા છે. પરંતુ ગટરનુ પાણી દુષિત હોવાની સાથે રોગચાળાનો ખતરો પણ મંડરાય છે. સે-૧૩ એ માં છેલ્લા ૧૫ દિવસથી પીવાનુ પાણી દુષિત આવતુ હોવાની ફરિયાદો સ્થાનિકોમાં ઉઠવા પામી છે સેકટરના પ્લોટ નં -૪૬૬ : ૨ માં પીવાનુ પાણી શરૂઆતમાં કાળુ આવતા સ્થાનિકોમાં ભય પ્રવર્તાયો છે. જયારે આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ગટરો ઉભરાતી હોવાના લીધે સોસાયટીમાં દુષિત પાણીનો પણ ભરાવો થાય છે જયારે આ મામલે સ્થાનિકો દ્વારા સેકટરની ઈન્કવાયરીમાં ફરિયાદ કરવામાં આવતા સાધનો અને મેનપાવર વિના કામ શકય ન હોવાનો પણ જવાબ મળે છે. આવા સંજોગોમાં ગટરનુ દુષિત પાણી ગમે ત્યારે કોલેરા જેવા રોગચાળાનુ કારણ બને તેવી દહેશત પણ પ્રબળ બની છે. તંત્ર દ્વારા ત્વરિત અસરથી ગટર લાઈનનુ સમારકામ હાથ ધરાય તેમ પણ રજુઆતમાં જણાંવાયુ છે.

## ચિલોડા મોટામાં ૧૬ દિવસ પૂર્વે એસિડ ગટગટાવી જનાર મહિલાનું સારવાર દરમિયાન મોત

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા ગામે રહેતી મહિલાએ આશરે ૧૬ દિવસ પૂર્વે પોતાના ઘરે કોઈ કારણોસર એસિડ પી જતાં તેની હાલત લથડી પડતાં મહિલા છેલ્લા અનેક દિવસથી અમદાવાદ સિવિલમાં સારવાર હેઠળ હતી. જેનું અંતે સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું.

આ અંગે મળતી માહિતી મુજબ મોટાચિલોડા ખાતે રહેતા જલીબેન રમેશભાઈ રાવળ (ઉં.વ.૪૬) તા. ૨૯મી જૂને પોતાના ઘરે કોઈ કારણોસર એસિડ ગટગટાવી જતાં તેણીની હાલત લથડતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

જલીબેન રાવળની હાલત વધુ નાજુક થતા સુધારો થયો હતો. અંતે તેણીનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ. આ મામલે ચિલોડા પોલીસે આકસ્મિક મોતનો ગુનો નોંધી વધુ તપાસ હે.કો. અમરતભાઈ ચલાવી રહ્યા છે.

## સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી શરુ કરવા વિદ્યાર્થીઓની માંગ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજરોજ શ્રી ગુજરાત રાજય સંસ્કૃત પાઠશાળા, વિદ્યાર્થી સંઘ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ખાતે શિક્ષાશાસ્ત્રી બીએ.એડ કોલેજ શરુ કરવા વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીનગર ઉપવાસ છાવણી ખાતે ધરણા પર બેઠા હતા. સંસ્કૃતના વિદ્યાર્થીઓએ રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી ઝડપી સંસ્કૃત કોલેજ શરુ કરાવવા માટે રજુઆત કરી હતી.

ગુજરાત રાજયમાં સંસ્કૃત માધ્યમથી સંસ્કૃત ભાષાનું શિક્ષણ આપતી સંસ્કૃત મહાવિદ્યાલયોના બીએ, એમએ, અને બીએડના માધ્યમના અભ્યાસક્રમનું નિર્ધારણ અને પરિક્ષાઓ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવે છે. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની માન્યતા બીએડ કોલેજ ભાગવત વિદ્યાપીઠ સોલા અમદાવાદ ખાતે છેલ્લા દસ વર્ષથી કાર્યરત હતી. ગુજરાત રાજયમાં સંસ્કૃત ભાષામાં બીએડની એકમાત્ર કોલેજ હતી. ચાલુ શૈક્ષણિક વર્ષમાં બીએડમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી વેરાવળે બીએડની શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૨૦૨૦ બે વર્ષ માટેની પ્રવેશ જાહેરાત આપી હતી. પ્રવેશ ફોર્મ યુનિવર્સિટી વેબસાઈટ પરથી મેળવી રૂ.૧૦૦ ફી જમા કરાવ્યા છે. ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે. રાજયમાં બીજી કોઈ બીએડની કોલેજ નથી ત્યારે વિદ્યાર્થીઓએ પ્રવેશ કંઈ જગ્યાએ મેળવવો તે સમજાતું નથી. જયારે બીજી તરફ વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બની જાય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે આજરોજ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરમાંથી વિદ્યાર્થીઓ સંસ્કૃત સોમનાથ બીએડ કોલજ શરુ કરવાની માંગ સાથે આવી પહોંચ્યા હતા. જયારે સવારે ૧૦ થી બપોરના ૨ કલાક સુધી સંસ્કૃતના વિદ્યાર્થીઓએ શ્લોક અને મંત્રોચ્ચાર કરી અનોખો વિરોધ સરકાર તેમજ શિક્ષણમંત્રી સામે નોંધાવ્યો હતો.તેમજ રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને આવેદન પત્ર પાઠવી સંસ્કૃત કોલેજ સત્વરે શરુ કરાવવા માંગ કરી છે.








**ડુંગરી ગરાસીયા સેવા સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાનો તાલીમ વર્કશોપ**

ગાંધીનગરના શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ દ્વારા અનામિક એકેડેમીના સહયોગથી રાજ્યના આદિવાસી સમાજના યુવાનો માટે ડીવાયએસપી, એસઓ, ડેપ્યુટી મામલતદાર અને જીપીએસસી વર્ગ-૧ અને ૨ ના તાલીમ વર્ગનું આયોજન કરાયુ હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા આર.વી. અસારી અને ટ્રસ્ટના પ્રમુખ ભરત મોડિયાની ઉપસ્થિતિમાં શિબિર સંપન્ન થયો હતો.

## સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ના પ્રમુખ તરીકે નરેન્દ્ર વ્યાસ અને મંત્રી તરીકે તપન ત્રિવેદીની વરણી

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, સેકટર-૨૩ની સાધારણ સભા ગત તા. ૧૪-૭-૧૮ના રોજ મળી હતી. આ બેઠકમાં આગામી વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે પ્રમુખ/મંત્રી અને





ખજાનચીની નિમણુંક કરવામાં આવેલ બાકીના દરેક સભ્યોનો કારોબારીમાં સમાવેશ કરવામાં આવેલ છે જેમાં સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૩ શાખાના પ્રમુખ તરીકે નરેન્દ્ર વ્યાસ, મંત્રી તરીકે તપન ત્રિવેદી તેમજ ખજાનચી તરીકે અશોકભાઈ પંડ્યાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જયારે અન્ય કારોબારીમાં પંકજભાઈ શુકલ, મુકેશભાઈ દવે, પરેશભાઈ દવે, બંકિમચંદ્ર મહેતા, મુકેશ શુકલ, દિલીપભાઈ સી. જાની, મયંકભાઈ ભટ્ટ, પ્રદિપભાઈ દવે, અતુલભાઈ ત્રિવેદી, પુનમભાઈ ભટ્ટ, બીપીનભાઈ જાની, નરેન્દ્રભાઈ મહેતા, કેવલરામભાઈ જોષી, મેહુલ દવે, ભાસ્કર વ્યાસ, જયેશ આચાર્ય, ચિરાગ ત્રિવેદી, ચિંતન ભટ્ટ, જીતુભાઈ રાવલ, મહેશ જાની, જતીન જોષી, પ્રશાંત જોષી, હાર્દિક દવે, મૌલિક દવે, ભાગ્યેશભાઈ દવે, ગીરીશભાઈ ઠાકોર, આનંદ જોષી, સુમિત વ્યાસ, ઋષીકેશ મહેતા, પ્રશાંત ઠાકર, પાર્થ ભટ્ટ, મહેશભાઈ ઠાકર, કલ્પેશ જાની, ભાર્ગવ શુકલ, સી.આર. તિવારીની વરણી કરવામાં આવી છે.

## સઈજ ગુરુકુલ પાસેથી વિદેશી દારુની બોટલો સાથે એક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૬

કલોલ તાલુકા પોલીસે સઈજ ગુરુકુલ પાસેથી પેટ્રોલીંગ દરમિયાન વિદેશી દારુની ૧૧૬ બોટલ સાથે કુલ ૨.૯૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીને ઝડપી લીધો છે. પોલીસે વિદેશી દારુના જથ્થા સાથે ઈકો ગાડી પણ કબ્જે લીધી છે.

પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર કલોલ વિસ્તારમાં જુગાર અને દારુની બદીઓ નાબુદ કરવા પોલીસ અધિક્ષકની સુચનાને કલોલ પોલસ મથકના પીઆઈ નીરજ પટેલ તેમજ તેમના સ્ટાફના અન્ય પોલીસ કર્મચારીઓએ બાતમીના આધારે મહેસાણાથી અડાલજ જતા હાઈ વે માર્ગ પર સઈજ ગુરુકુલ કટ પાસે જતી સફેદ રંગની ઈકો ગાડી નં- જીજે૧૮ એઝેડ-૭૧૨૮ ને અટકાવી તેમાંથી વિદેશી દારુની ૧૧૬ નંગ બોટલો કિ.રૂ.૪૬, ૪૦૦ નો માલ કબ્જે લીધો હતો. આ ઉપરાંત ઈકો કારના ચાલક આરોપી પ્રકાશ રમણભાઈ પુરોહિતને પણ ઝડપી લીધો હતો.




પોલીસે દારુની બોટલો સહિત ઈકો કાર મળીને કુલ રૂ. ૨.૯૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સુઘડ ગામ ખાતે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા સહિત સમગ્ર રાજયમાં આજથી ઓરી-



રૂબેલા રસીકરણ અભિયાનનો આરંભ થયો છે. જે અંતર્ગત ગાંધીનગરના સુઘડ ગામ ખાતે જિલ્લા કલેકટર એસ.કે. લાંગાની ઉપસ્થિતમાં ઓરી–રૂબેલા રસીકરણનો કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગર તાલુકાના સુઘડ ગામ ખાતે ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનને વધુ પ્રોત્સાહિત કરવા માટે ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે. લાંગા અને જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયાની ઉપસ્થિતમાં આ રસીકરણ અભિયાન યોજાયો હતો. જેમાં સુઘડ ગામના ૯ માસથી ૧૫ વર્ષ સુધીના ૯૧૮ બાળકો-વિધાર્થીઓને ઓરી-રૂબેલા રસી આપવામાં આવી હતી. આ રસીકરણમાં આંગણવાડી, પ્રાથમિક શાળા અને અભ્યાસ ન કરતાં બાળકોનો સમાવેશ થાય છે. આ કામગીરીને બન્ને અધિકારીએ નિહાળી હતી. ગ્રામજનોના ઉત્સાહને આવકાર્યો હતો. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મનુભાઈ સોંલકી, જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સહિત જિલ્લાની તબીબી ટીમ ઉપસ્થિત રહી હતી.

## જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન દ્વારા સે-૨૨ પબ્લિક ગાર્ડનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન દ્વારા તા. ૧૪-૭-૧૮ના રોજ સેક્ટર-૨૨ના પબ્લીક ગાર્ડન ગાંધીનગરમાં અંદાજીત ૬૫ જેટલા વૃક્ષોની વાવણી કરી હતી. પર્યાવરણ જાળવણીના ભાગરૂપે ‘‘વૃક્ષ વાવો જતન કરો, પર્યાવરણ બચાવો’ સૂત્રને ચરિતાર્થ કરવાનો પ્રયત્ન કર્યો હતો. જાયન્ટ્સ ગ્રુપ તથા શ્રેયસ સોસાયટી સે. ૨૨ના રહીશોના સહયોગથી આ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

આ વૃક્ષારોપણના કાર્યક્રમમાં જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશન ફેડરેશન-ઉસીના યુનીટ ડાયરેક્ટર બી.એમ. પટેલ, જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈનના ઉત્સાહી અને કાર્યદક્ષ પ્રેસીડેન્ટ વસંતકુમાર પટેલ, ડી.એ. વિકેશભાઈ પટેલ, નવીનભાઈ પટેલ, પાસ્ટ પ્રેસીડેન્ટ સાંકાભાઈ પટેલ તથા ગાંધીનગર શહેરના મા. મેયર પ્રવિણભાઈ પટેલ, લાલભાઈ સી. પટેલ, મહેન્દ્રભાઈ પટેલ સર્વેએ સાથે મળી વૃક્ષારોપણની કામગીરીમાં સહયોગ આપ્યો હતો. જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર સાહેલીના ડી.એ. અલ્કાબેન પટેલ, દક્ષાબેન પટેલ, લીલાબેન ચૌધરી વિ.એ. પણ વૃક્ષારોપણ કામગીરીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો તેમ જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશન ફેડરેશન-ઉસીના યુનીટ ડાયરેક્ટર બી.એ. પટેલે જણાવ્યુ છે.

## મંગળવાર મધ્યરાત્રીથી ડેલ્ટા-એકવેરીડ્સ ઉલ્કા વર્ષાનો અવકાશી નજારો દેખાશે

ગાંધીનગર, તા. ૧૬

દુનિયાભરમાં લોકોએ મે માસમાં ઈટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૬૦ દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કા વર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં તા. ૧૭મી થી ૩૦મી જુલાઈ અને ઓગષ્ટના અમુક દિવસે ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી પૂર્ણ કરી દીધી છે. ત્યારે રાજ્યમાં જાગૃતોને અવકાશી ઉલ્કા વર્ષાનો અદ્‌ભુત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ અપીલ કરી છે. રાજ્યભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે જાથાએ ખાસ આયોજન આદર્યા છે. અમુક દિવસોમાં વાદળાના અવરોધો વચ્ચે પણ ઉલ્કા વર્ષા જોવા મળશે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યા જણાવે છે કે આજ મધ્યરાત્રિથી સતત પાંચ દિવસ સુધી ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. તા. ૧૭, ૧૯, ૨૬, ૨૯ અને તા. ૩૦ના રોજ આકાશમાં સામાન્ય ઉલ્કા વર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૨૦ અને વધુમાં વધુ વિદેશમાં એકસો ઉલ્કા વર્ષા દિવાળીના ફટાકડાની આતશબાજીના રોમાચંક દશ્યો જોવા મળશે.

## સે-૨૬ ઈજનેરી કોલેજમાં વિદ્યાર્થીઓના પ્રશ્ને એબીવીપીનું આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૬

આજ રોજ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ



ગાંધીનગર દ્વારા સરકારી ઈજનરી કોલેજમાં હોસ્ટેલ અને કોલેજ-કેમ્પસમાં પ્રાથમિક સુવિધાઓના પ્રશ્નોને લઈને પ્રિન્સીપાલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

સેકટર-૨૬ સ્થિત સરકારી ઈજનેરી કોલેજમાં વિદ્યાર્થીઓને પીવા માટેના પાણી માટે ફકત એક જ કુલર છે અને તે પણ હાલ બંધ હાલતમાં હોવાથી ટાંકીનું પાણી પીવા વિદ્યાર્થીઓને ફરજ પડી રહી છે. સાથો સાથ કોલેજના ત્રણ વર્ષ વીતવા છતાં હજુ પણ આઈકાર્ડ આપવામાં આવેલ નથી જેને કારણે કોલેજમાં અસામાજીક તત્વો અનેકવાર કેમ્પસમાં ઘુસી આવે છે તેમજ દર વર્ષે જીમખાનાની રૂ. ૩૫૦ ફી ઉઘરાવામાં આવે છે તેમ છતાં કોલેજમાં જીમખાનાની કોઈ વ્યવસ્થા કરેલ નથી. આથી એબીવીપી ગાંધીનગર વિદ્યાર્થીઓના પ્રશ્નને વાચા આપી દરેક ડિપાર્ટમેન્ટમાં કોઈ પણ બે જગ્યાએ પાણીની વ્યવસ્થા કરવામાં આવે, વિદ્યાર્થીઓને ૭ દિવસમાં આઈકાર્ડ આપવામાં આવે અને જીમખાનાને કાર્યાન્વિત કરવામાં આવે તેવી માંગણી અને લાગણી સાથે એબીવીપી દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં એબીવીપીના કાર્યકરો હાજર રહ્યા હતા.

## વિજ્ઞાન કોલેજમાં ‘ફિનિશીંગ સ્કૂલ’ વર્કશોપ સંપન્ન થયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની સે. ૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ‘સ્કીલ ઈન્ડિયા’ અંતર્ગત યુવા સશક્તિકરણના ભાગરૂપે યોજાયેલ ૧૦ દિવસીય ફિનિસીંગ સ્કૂલ તથા પર્સનાલિટી ડેવલપમેન્ટ વર્કશોપનું સમાપન થયું છે.

આ વર્કશોપમાં ટ્રેનર અરૂપસિંહા દ્વારા વિદ્યાર્થીઓને વ્યક્તિત્વ વિકાસની તાલીમ આપવામાં આવી હતી. વર્કશોપના સમાપન પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાયા, પ્રો. રાજકુમારી બારવાની તથા પ્રો. યોગેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓનો જુસ્સો વધાર્યો હતો. આ વર્કશોપમાં ઉન્નતિ પ્રિયદર્શીનીને બેસ્ટ પરફોર્મર તરીકે સન્માનવામાં આવી હતી. આ વર્કશોપમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સમાપન કાર્યક્રમનું આયોજન કરવા જહેમત ઉઠાવી હતી.




ગાંધીનગરની ઈન્ડિયન સ્વર્ણિમ લાયન્સ સંસ્થા દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રા પ્રસંગે ખ-૬ સર્કલ ખાતે શરબત વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રમુખ કુંપલ દવે, પ્રોજેક્ટ કન્વીનર કિન્નરભાઈ શાહ, સેક્રેટરી પલ્લવીબેન મહેતા સહિત સભ્યો કિશોરભાઈ દેસાઈ, ભરતભાઈ દેસાઈ, મયૂર દવે, પ્રકાશભાઈ દવે, સંજીવભાઈ યાદવ, જયેશભાઈ ગોહેલ, પ્રશાંતભાઈ મહેતા, ઈન્ડિયન લાયોનેસ પ્રમુખ શિલ્પાબેન દેસાઈ તથા સભ્યો મનીષાબેન, રશ્મિબેન, સરોજબેન તથા પ્રીતિબેને સેવાઓ આપી હતી.

## ટીબી જાગૃતિ માટે ખાનગી તબીબોનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા શહેરી વિસ્તારના ખાનગી તબીબોનો વર્કશોપ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. જેમાં તબીબોને ટીબીના દર્દીઓની નોંધણી કરાવવાથી માંડીને ટીબી પ્રોગ્રામમાં આવેલા ફેરફારો અંગે માહિતીગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડબલ્યુએચઓ કન્સલટન્ટ ડૉ. હિરેન થાનકી, સીડીએચઓ ડૉ. એચ.એમ. સોલંકી, ડીટીઓ ડૉ. એમ.બી. ચૌહાણ વગેરેએ ઉપસ્થિત રહી તબીબોને માર્ગદર્શન આપ્યું હતું.

## વાવોલ વિસ્તાર વિકાસ સમિતિની બેઠક યોજાઈ

વાવોલમાં નવ વિકસિત સોસાયટી વિસ્તારની ‘વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ’ની એક બેઠક તાજેતરમાં યોજાઈ હતી. આ બેઠકમાં ન્યુ વાવોલ વિસ્તારના પાયાના પ્રશ્નો જેવા કે રોડ, રસ્તા, ગટર, સફાઈ, સ્ટ્રીટલાઈટ, સીટીબસ તથા બગીચાની સુવિધા અંગે તંત્ર સમક્ષ રજુઆત કરવા અંગે તેમજ વૃક્ષારોપણ જેવા રચનાત્મક કાર્યોના આયોજન અંગે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. આ બેઠકમાં ન્યુ વાવોલ વિસ્તારની મોટા ભાગની સોસાયટીના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.